## Section 83
## (Attachment of property of person absconding)

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ આરોપી નિરજ મનસુખભાઈ કાચા સામે થતા તેની વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ જે આરોપીને આંક–૪ થી બજી જવા છતા આરોપી નિરજ કાચા તા.૧/૧/૨૦૧૨ ના રોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર ન થતા ફરીયાદી દિનેશ રામજીભાઈ પીઠડીયાએ આરોપી સામે પકડ વોરંટ ઈસ્યુ કરવા અરજ કરેલ જે અરજી નીચે નામદાર કોર્ટે આરોપી વિરુધ્ધ રુ.૨,૦૦૦/–નું જામીન લાયક વોરન્ટ ઈસ્યુ કરેલ જે વોરન્ટ આરોપીને આંક–૬ થી બજી જવા છતા આરોપી અત્રેની કોર્ટમાં હાજર થયેલ નથી.જેથી ફરીયાદી દિનેશભાઈએ તારીખ ૧૫/૪/૨૦૧૨ ના આરોપી સામે પકડ વોરન્ટ ઈસ્યુ કરવા અરજી કરેલ જે અન્વયે આરોપી સામે પકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ જે વગર બજે પરત થતા વારંવાર આરોપી વિરુધ્ધ પકડ વોરંટ ઈસ્યુ કરવા છતા આરોપી મળી આવતો ન હોય ફરીયાદી ધ્વારા અત્રેની કોર્ટમાં આરોપીને ભાગેડુ જાહેર કરવા અરજી કરેલ જેમાં **ગણેશભાઈ વીરજીભાઈ રબારી વી. સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૦૯–૧ – જી.એલ.આર – ૭૯૧ )**ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૮૨ મુજબ ભાગેડુ જાહેર કરવાનો હુકમ કરવામાં આવેલ અને જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. જાહેરનામાની તારીખથી દિન–૩૦માં અત્રેની અદાલતમાં હાજર થવા આરોપીને ફરમાવવામાં આવેલ હોવા છતા સદરહુ આરોપી આદેશનુ પાલન કરી શકેલ નથી કે જાહેરનામા સામે કોઈ વાંધા રજુ થયેલ નથી. આ સંજોગોમાં ફરીયાદ પક્ષ તરફથી ભાગેડુ આરોપીની જામનગર મુકામે સરુ સેકશન વિસ્તારમાં આવેલ ટેનામેન્ટ મકાનની જપ્તી માટે હુકમ કરવા અરજ ગુજારેલ છે જેમાં વિશેષમાં ફરીયાદીએ એવી રજુઆત કરેલ છે કે આરોપી તેની સદરહુ મિલ્કત બારોબાર વેચી નાખવાની અથવા ટ્રાન્સફર કરવાની તૈયારીમાં હોય જેથી ભાગેડુ આરોપીની મિલ્કત જપ્ત કરવા નમ્ર અરજ કરેલ છે જે અન્વયે **મુસાસીંગ વિ. મધ્યપ્રદેશ રાજય, ૧૯૮૯, ક્રિ.લો.જ. ૫૮૦, મધ્ય પ્રદેશના** પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી

જપ્તીની કાર્યવાહીમાં પોલીસ અધિકારી પોતાની સતાનો દુરુપયોગ ન કરે અને પોતાની ઈચ્છા મુજબ વર્તી ન શકે તે માટે પોલીસ અધિકારીને તાકીદ કરી મિલ્કત જપ્તીનો નીચે મુજબ હુકમ ફરમાવું છું.

## –: હુ ક મ : –

ફરીયાદી દિનેશ રામજીભાઈ પીઠડીયા તરફથી રજુ થયેલ યાદીમાં જણાવેલ આરોપી નિરજ મનસુખભાઈ કાચા, રહેવાસી–જામનગરવાળા, ધંધો–વેપાર, ઉ.વ.આ.૪૦ ની શરુ સેકશન રોડ, જામનગર મુકામે આવેલ ટેનામેન્ટ મકાન "શ્રી નાથજી કૃપા" નામનું મકાન મજકુર ભાગેડુ આરોપીની માલીકીનું હોય સદરહુ મકાન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૮૩ અન્વયે મળેલ સતાની રૂએ જપ્ત કરવા આદેશ આપવામાં આવે છે. શ્રીએલ. જી. પાનસુરીયા એડવોકેટની રીસીવર તરીકે નીમણૂક કરી આદેશ આપવામાં આવે છે કે, તેઓ શ્રીએ સદરહું મિલકત પોતાનાં કબ્જા હસ્તક લઈ તેની જાળવણી તથા વહીવટ સંબંધનો રીપોર્ટ બીજો હુકમ થતાં સુધી દર માસની ૧ થી ૫ તારીખ સુધીમાં અત્રેની કોર્ટમાં રજુ કરવો. કમીશ્નર શ્રીના મહેનતાણા પેટે હાલના તબકકે ફરીયાદપક્ષે રૂા.૫,૦૦૦/–અત્રેની કોર્ટમાં ડીપોઝીટ કરવા અને તેમ કરેથી નિયમ મુજબનું કમીશનપત્ર ઈશ્યુ કરવું.

સ્થળ :–
તા. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.)

**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) સાહેબની કોર્ટમાં ,**